સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કોઈને 'પદ'ની લાલચથી ભરમાવે છે!
કોઈને એ લાખો-કરોડોથી શરમાવે છે!
ગરમાવે કોઈ 'અલ્પ' ને 'ઠાકોર' બનાવી -
કોઈને તો એ ડીંગો બતાવી કરમાવે છે!!
(માયાજાળમાં ફસાતાં માછલાં)

હાઈકુ

રંગાઈ જશે -
પંચરંગી ભારત -
'ભગવા' રંગે...

પોઢાડી દેસે
ચાદર ચઢાવીને -
લોકશાહીને...

ચિંતન

સ્વપ્નેઽર્થશૂન્યે સૃજતિ સ્વશક્ત્યા ભોક્ત્રાદિવિશ્વં મન એવ સર્વમ્ ।
તથાપિ જાગ્રત્યપિનો વિશેષ - સ્તત્સર્વમેતન્ મનસો વિજૃમ્ભણમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જ્યારે કોઈ પદાર્થ હોતો નથી એવા સ્વપ્નમાં મન જ બધાનો ભોક્તા અને ભોગ્યરૂપી વિશ્વને પોતાની શક્તિથી સર્જે છે. અને જાગૃતમાં પણ તેનાથી જુદું કાંઈ નથી, આ બધો મનનો જ ખેલ છે.

સ્વપ્નમાં આપણે ઘણા શક્ય - અશક્ય પદાર્થ - બનાવો જોઈએ છીએ જ્યારે સ્વપ્નભંગ થાય ત્યારે તેની અયથાર્થતાનો અનુભવ થાય છે એમ આ સંસારમાં અનેક પદાર્થો અને ઘટનાઓ થતી જોવા મળે છે એ પણ 'ઈશ્વરની માયા' જેવું એક સ્વપ્ન માત્ર જ છે - એ પણ સત્ય નથી.

સુવિચાર

- યાદ રાખો, દરેક મહાન નેતા કે હિંમતવાન ચિંતકની શરૂઆતમાં હાંસી જ થઈ હતી, હવે તેમને પૂજવામાં આવે છે - **રોબિન શર્મા**
- ભૂતકાળમાં નેતા ઊપરી હતો. આજે તે લોકો સાથે સહભાગી હોવો જોઈએ, કેવળ પદના આધારે નેતૃત્વ ન કરી શકાય - **કેન બ્લેંકાર્ડ**
- ધિક્કાર એ પ્રેમનું સલ્ફ્યુરિક એસિડ છે - **સંત ઓગસ્ટિન**
- જ્યારે તમે જાગૃત બનશો ત્યારે તમે તમારા વ્યક્તિત્વની નબળી બાજુને સ્વીકારી શકશો - **હેર્વીલ હેન્ડ્રિક્સ**
- જેને આપણે જીવનમાં ન સ્વીકારીએ અને તેના સાથે સમાધાન ન કરીએ, તે સતત હેરાન કરે છે - **પ્રભુ શ્રીપદ**
- કેટલાક લોકો માને છે કે અમુક ઘટના બને તો તેઓ આનંદમાં રહે, પરંતુ સાચી રીત એ છે કે તમારે કોઈ પણ કારણ વિના આનંદમાં રહેવાનું છે - **ઓશો**
- આજનું ઔષધ : અરડૂસીના પાન ચાવી એનો રસ ઉતારવાથી પણ મોઢામાં પડેલા ચાંદા મટી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પુરાણ વાંચીને એક વિદ્વાનના મનમાં એવું સમજાઈ ગયું હતું કે નસીબમાં હોય એ જ સૌને મળે. નસીબ પર આધાર રાખતા આ વિદ્વાનની સ્થિતિ કંગાળ હતી. એનો પુત્ર ગરીબી વિશે પૂછે ત્યારે એ કહેતા કે બધો જ નસીબનો ખેલ છે. ગરીબી સહન ન થતાં પુત્ર આગ્રહ કરીને પિતાને એક મહાત્મા પાસે લઈ ગયો. મહાત્માએ પુત્રનો હાથ જોઈને કહ્યું, 'વડીલ, તમારો પુત્ર તો બહુ જ ભાગ્યશાળી છે, પરંતુ એના પર એક ગ્રહની ખરાબ અસર છે, એક વિધિ કરવાથી અસર દૂર થશે. જો એ વિધિમાં આપ પિતા-પુત્ર મારા આશ્રમની પાછળના ભાગમાં કૂવો ખોદશો તો તમારું ભાગ્ય ખીલી ઊઠશે.' પિતા-પુત્ર કૂવો ખોદવા લાગ્યા. દિવસો સુધી મહેનત કર્યા બાદ એક સવારે એક ઘડો મળ્યો. ઘડો મહાત્મા પાસે લઈને ગયા. મહાત્માએ ઘડો ખોલ્યો અને એમાંથી સોનામહોર અને એક ચિઠ્ઠી મળી આવ્યા. ચિઠ્ઠી પોતાની પાસે રાખી પિતા-પુત્રને સોનામહોરથી ભરેલો ઘડો આપીને મહાત્માએ કહ્યું, 'લો, આ આપનું ભાગ્ય છે.' આટલું સાંભળી પુત્ર બોલ્યો, 'મને હજી સમજાતું નથી કે ખરેખર નસીબ કોને કહેવાય? મહાત્મા એ એને પેલી ચિઠ્ઠી આપી જેમાં લખ્યું હતું.' 'ભાગ્યનું બીજું નામ કર્મ છે.' વિદ્વાન પિતાને વાત સમજાઈ ગઈ. ભાગ્યનો સાથ લેવો હોય તો કર્મ કરતાં રહેવું જોઈએ. પોતાનાથી બનતું કરતાં રહેવું એટલે ભાગ્યનો દરવાજો ખોલવાની ગુરુચાવી.

કાશ્મીરમાં નવા-જુનીના એંધાણ

તંત્રીસ્થાનેથી...

છેક જનસંઘ કાળથી કેસરિયા વિચારધારાવાળા નેતાઓ કાશ્મીર પ્રશ્નને અગ્રતાક્રમે મૂકતા રહ્યા છે. કાશ્મીરી પંડિતોને જે રીતે વહાલું વતન છોડીને નીકળી જવું પડ્યું, એમની બહેન-દીકરીઓની ઈજ્જત લૂંટાઈ, બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન કરાવાયું, એ તમામ બાબતો કોઈ પણ સંવેદનશીલ માનવીનું હૈયું હચમચાવી શકે એવી હતી. પરંતુ સિત્તેર વર્ષનાં વહાણાં વાઈ ગયા પછી પણ જેમ ભારત-પાકિસ્તાન વચ્ચેનું યુનોમાં અટવાયેલું કોકડું ઊકલતું નથી તેમ કાશ્મીરના મૂળ નિવાસીઓ માટે કાશ્મીરના દરવાજા ખૂલતા નથી. ભારતીય જનતા પાર્ટીએ આ મુદ્દે લાંબા સમય સુધી રાજકારણ ખેલ્યું છે અને એનો લાભ મતદારો પાસેથી અંકે પણ કર્યો છે. ખરું પૂછો તો ભાજપને બહુમતી હિંદુ પ્રજા સવિશેષ સમર્થન આપતી થઈ એની પાછળ આ સંવેદનશીલ કોમી મુદ્દો પણ હતો. હવે જ્યારે ઐતિહાસિક વિક્રમજનક બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટી કેન્દ્રમાં સળંગ બીજી ટર્મ માટે સત્તા પર આવી છે ત્યારે એનો કાશ્મીર એજંડા જરૂર યાદ આવવો જોઈએ. એ પ્રજા સમક્ષ ૩૭૦ની કલમ અને ૩૫-એ કલમ વિશે કરેલ વાયદા પૂરા ન કરે તો એના અવળા પ્રત્યાઘાત પડી શકે છે. હાલ કાશ્મીરમાં પવિત્ર અમરનાથ યાત્રા ચાલી રહી છે. અલગાવવાદીઓ અને સરહદ પારનાં આતંકવાદી સંગઠનો આવા સમયે જ એમનો બિહામણો ચહેરો બતાવતાં રહ્યાં છે. ગૃહમંત્રી અમિત શાહે ગૃહખાતાનો હવાલો સંભાળતાંવેંત પવિત્ર શિવલિંગનાં દર્શન કરી કાશ્મીર સંદર્ભે કેન્દ્રની પ્રતિબદ્ધતાનો અણસાર આપી જ દીધો હતો. હાલમાં રાષ્ટ્રપતિ શાસન હસ્તક મુકાયેલ જમ્મુ અને કાશ્મીરમાં બંધારણની જોગવાઈ મુજબ વિધાનસભાની ચૂંટણી પણ આવી રહી છે. આ તમામ સંજોગો કેન્દ્ર સરકારને કાશ્મીરની સુરક્ષા, ઘૂસણખોરીની સમસ્યા અને લોકપ્રિય સરકારની રચના જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવા પ્રેરિત કરે તે સ્વાભાવિક છે. આથી એક સામટા દસ હજાર જેટલા સૈનિકો કાશ્મીરમાં ઉતારી દેવાયા છે અને હજુ વધુ સંખ્યામાં ઉતારાય એવી તૈયારી ચાલી રહી છે. કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા આ જોઈને પેટ કૂટવા માંડ્યા છે. ખીણની પ્રજામાં સૈન્યદળોને જોઈ ભયની લહેર ફરી વળી હોવાનું નિવેદન કરી મહેબૂબાએ ઉમેર્યું છે કે કાશ્મીર સમસ્યાનો ઉકેલ સેના મારફત નહીં લાવી શકાય. સેનાની જરૂર પડે ત્યારે એનો પણ ઉપયોગ કરીને કાશ્મીરને મુખ્યધારામાં લાવવાની જરૂર છે. આ અલબત્ત, આંતરરાષ્ટ્રીય કક્ષાએ મસમોટો વિવાદ જગાવી શકે એવો મુદ્દો છે, પરંતુ જો મોદી અને શાહ આવું હિંમતભર્યું પગલું ભરશે તો આગામી લોકસભાની ચૂંટણી પણ એમના ગજવામાં હશે એમ કહેવામાં જોખમ નથી. તોડફોડ કરીને કે ધારાસભ્યો પાસે રાજીનામા મુકાવીને કર્ણાટકનો કબજો મેળવ્યો એ કરતાં કાશ્મીરમાં પ્રત્યેક હિંદુસ્તાનીને રહેવાનો અને મિલકત વસાવવાનો હક અપાવી મોદી-શાહની જોડી વધુ લોકપ્રિય બની શકે એમ છે. બીજું બધું તો ઠીક પણ કાશ્મીર જેવી સૃષ્ટિની સુંદરતમ જગ્યાએ જે લોકોને નરકમાં ફેરવી દીધી છે એમને દેશનો એ જડબાતોડ જવાબ બની રહેશે. હાલ ભારતની અમેરિકા સહિત વિશ્વના તમામ પ્રતિષ્ઠિત અને સમૃદ્ધ દેશોને 'માર્કેટ' તરીકે ગરજ છે. એ પરિસ્થિતિનો લાભ ભારતે કુનેહપૂર્વક ઉઠાવી લેવાનો આ યોગ્ય સમય છે. પાકિસ્તાન યુદ્ધ કરવાની હિંમત કરી શકવાનું નથી અને કરશે તો એના શા હાલહવાલ થઈ શકે તે આપણા જનરલ રાવતે સ્પષ્ટ શબ્દોમાં જણાવી જ દીધું છે. ભારતની અસ્મિતાના જયોતિર્ધર તરીકે નરેન્દ્ર મોદીની પ્રસ્થાપના માટે પણ કાશ્મીર પ્રશ્નનો ઉકેલ અનિવાર્ય છે!

ગ્રામ વિસ્તારમાં વાડાની જમીન કબજેદારને સોંપાશે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગ્રામ વિસ્તારમાં સરકારી માલીકીની વાડાની જમીનમાં વર્ષોથી રહેતા કે કબજો ધારણ કરનાર પરિવારને કાયદેસર કરીને કબજો સોંપવામાં આવશે તેવી જાહેરાત ગુજરાત સરકારે તાજેતરમાં કરેલ છે.

આ માટે રેવન્યુ કાયદામાં ફેરફાર કરવામાં આવશે. સરકારી માલીકીની પરંતુ વર્ષોથી વાડા અને અન્નય રહેણાંક પ્રવૃત્તિ માટે કબજે લેવાયેલ જમીન સોસાયટી કે સૂચીત રહેણાંક સ્થળોને નિયમીત કરવા માટે રેવન્યુ કાયદામાં ફેરફાર છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવ્યો છે.

આ પ્રકારની જમીનો ઉપર થતી હુંસાતુંસી અને કાયદેસરની પ્રક્રિયાને કારણે ઉદ્દભવતા સંઘર્ષો ટાળવા માટે ગૃહમાં સવાલ પુછતા માન. મુખ્યમંત્રીશ્રીએ માહિતી આપેલ.

રાજયમાં સરકારી માલીકીની કે અન્ય કોઈની માલીકી ઉપર વર્ષોથી ઉભી થયેલ હાઉસીંગ સોસાયટીઓ અને રહેણાંકોને તોડી પાડીને કે કોર્ટના ચુકાદાને માન્ય રાખીને નેશનાબુદ કરી લોકોને છત વગરના કરવા અનુચિત છે. લાગણીસભર સંવેદનશીલતા દાખવી વર્ષો જુના રેવન્યુ એકટમાં પરિવર્તન લાવીને યુ.એલ.સી.માં બનેલા મકાનોને કાયદેસર કરેલ છે. સુચિત સોસાયટીના જે મકાનો છે તે પણ કાયદેસર કરવામાં આવેલ છે તેમજ આવા બાકી રહેલ મકાનોને પણ કાયદેસર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ગામડાના ઘરની આજુબાજુમાં આવેલી વાડાની જમીનો વર્ષોથી બાપ દાદાના વખતથી લોકો વાપરે છે જે ખરેખર સરકારી માલીકીની હોય છે ઘરની સાથે જ આવી જમીન હોય તેમાં પશુ પક્ષીઓને નિરણ લોકો રાખતા હોય છે આથી આવી સરકારી માલીકીની જમીન કાયદેસર કરીને કબજેદારોને સોંપવાનો નિર્ણય સરકારે લીધો છે. આ માટે ટુંક સમયમાં કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

સરકારે આ માટે ૧૪.૪૩ કરોડ ચો.મી. જમીન ભાડે અગર વેચાણથી આપેલ છે. સરકારી ગોચની મે-૨૦૧૯ ના છેલ્લા બે વર્ષની સ્થિતિ પ્રમાણે ૧૩.૪૫ કરોડ ચો.મી. જમીન ભાડે અથવા વેચાણથી આપી છે. ગૌચરની જમીનોનો પણ આમા સમાવેશ કરવામાં આવેલ છે. ગોચરની જમીન ઉપર દબાણ વધતા જમીન ખુલ્લી કરવાના બદલે સરકાર હયાત સરકારી પડતર ખરાબા અને ગૌચરની જમીન વેચાણ કરી રહેલ છે.

રાજયમાં છેલ્લા બે વર્ષમાં ૧૨૦૩૬૯૫૧ ચો.મી. જમીનમાં શરત ભંગ બદલ સરકારી પક્ષકાર દાખલ કરવાનો હુકમ કરેલ છે જે પૈકી ૪૮૪૯૬૨૫ ચો.મી. જમીનનો જ કબજો સરકાર પક્ષે લેવાયેલ છે બાકીની જમીનમાં કોર્ટ લીટીગેશન ચાલુ છે. સરકાર પક્ષકાર દાખલ કરીને જમીનનો કબજો સમયસર લેતી ના હોય જમીનનો કબજો તો શરત ભંગ કરનાર જ ધરાવે છે.

સરકારી પડતર કે ગૌચરની જમીનમાં દબાણ કરી ગેરકાયદેસર રીતે વાપરી તેમાં બીનપરવાનગી બાંધકામના હિસ્સાઓ પણ ઘણી જગ્યાએ ધ્યાનમાં આવેલ છે જેમાં તલાટીની કામગીરી ઉપર શંકા સેવાઈ રહી છે.

સરકારી પડતર જમીનનો ૬૦ ટકા જમીનનો કબજો સરકાર પાસે લીધેલ છે બાકીના ૪૦ ટકા જમીનનો કબજો લેવાનો બાકી છે. અગર તો કબજા ધારક કોર્ટમાં ગયેલ છે. જેનો નિકાલ તાત્કાલીક ધોરણે કરવા સરકાર કટીબધ્ધ છે.

આમ, ગ્રામ્ય વિસ્તારમાં પશુ નિરણ માટે વપરાતી ખુલ્લી સરકારી જમીનનો કબજો જે તે વ્યક્તિ ધારણ કરતો હશે તે વાડાની જમીન કાયદેસર કરી કબજેદારને સોંપવાની કામગીરી કરવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારમાં પુશ રાખતા ઢોર ઢાંખરને રાખવાનો પ્રશ્ન મોટો હોય છે. વાડાનું પ્રમાણ ઘટતું જાય છે. વાડાને વેચીને તેમાં સોસાયટી કે મકાનો બનાવવાનું પ્રમાણ મોટા પાયે ચાલુ છે તથા વાડાની જમીન કાયદેસરની ના હોય તેમાં ગેરકાયદેસર રીતે પશુમાલીકોનો કબજો હોય તેમાં ગમાણ કે અન્ય ચારો ભરવાના ગોડાઉનો બનાવી યેનકેન પ્રકારે કબજો ધારણ કરી સરકારી પડતરની જમીનો વાપરતા આવેલ છે તેમી પાસેથી યોગ્ય રકમનું પ્રિમીયમ વસુલી સરકાર આવા વાડા નિયમબધ્ધ કરી આપશે.

નિંદા કૂથલીમાં વીત્યો સંસાર, હવે તો મહેફિલ પૂરી કરો

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

"મંગળાની ઝાલર પણ બજી ચૂકી,
હવે તો મહેફિલ પૂરી કરો !
નિંદા કૂથલીમાં વીત્યો સંસાર, હવે તો મહેફિલ પૂરી કરો."
- અજ્ઞાત

આજના આ સમયમાં આપણે બહારથી વધુ મુક્ત વિચારોના લાગતા

હોઈશું પણ અંદરથી આજે પણ આપણે નિંદા કરનારા અને નિંદા માણનારા છીએ જ ! કોઈની આલોચનાને સાખી લેવાની કે તેને ધ્યાનથી સાંભળીને સમજવાની ધીરજ મોટાભાગના લોકોમાં નથી. આમ જોવા જઈએ તો એક નિંદક અને આલોચક વચ્ચે અત્યંત સૂક્ષ્મ ભેદરેખા રહેલી છે. આલોચના મોટાભાગે કરુણામાંથી જન્મતી હોય છે. જ્યારે નિંદાનું ઉદ્દભવસ્થાન મહદ્અંશે ઘૃણામાં રહેલું છે. આલોચકનું કામ તમને જાગૃત કરવાનું છે જ્યારે નિંદક તમને નષ્ટ કરવા કે નીચા પૂરવાર કરવાના હેતુથી જ થાય છે. આલોચના કરનાર વ્યક્તિના મનમાં સતત એ પ્રશ્ન ઘૂમતો રહે છે કે સત્યને કઈ રીતે શોધવું ? ધૂળમાં રગદોળાયેલું હોય છતાં પણ એ સાચા હીરાનું મૂલ્ય આલોચકને ખબર હોય જ છે અને માટે જ એ હીરા પરથી ધૂળને ખંખેરીને એને સ્વચ્છ અને ફરીથી ચકચકિત કરી દેવાના પ્રયત્નોમાં વ્યસ્ત રહેશે. આલોચના ગમે તેટલી કઠોર, કષ્ટદાયક કે અસહ્ય લાગે પણ તેના મૂળમાં હંમેશા સદ્ભાવના રહેલી હોય છે, એક મૈત્રીપૂર્ણ કાળજી રહેલી હોય છે.

આપણે જ્યાં જઈએ ત્યાં આપણી આસપાસ એવા કેટલાય લોકો છે જે માત્ર નિંદા-રસમાં ગળાડૂબ ખૂંપેલા છે. જેટલા એ નિંદા કરવામાં ખૂશ હોય એટલા બીજા કોઈ કામમાં ખૂશ હોતા નથી. અમુક લોકો આપણી આસપાસ રહીને નિંદા-કૂથલી કરી રહ્યા હોય, બેફામ ગાળો ભાંડતા હોય કે કોઈની ટીકા કરી રહ્યા હોય ત્યારે આવા લોકોને આરામથી સાંભળનારો વર્ગ પણ કેટલો મોટો છે! આવા ઉપદ્રવી લોકોને પણ આવું વર્તન કરવાનું શૂરાતન એટલે જ ચડે છે કારણ કે તેમની આસપાસ એવા લોકો છે જે શ્રદ્ધાપૂર્વક, આનંદપૂર્વક તેમની આ ટીકા-ટીપ્પણી અને નિંદા-કૂથલીને માણી રહ્યા છે. પાડોશીના ઘરમાં જઈને સવાર-સવારમાં તમે કચરાની ડોલ ઠાલવશો ખરા ? તમને ભય છે કે એવું જો ભૂલેચૂકેય કરશો તો પાડોશી સાચે મોટો ઝગડો થઈ જશે પણ એ જ પાડોશી સાથે નિંદા-કૂથલી કરતી વખતે તેના મગજમાં જે કચરો તમે નાખી રહ્યા છો તેનો કોઈ ઝઘડો થાય છે ? કેટલા પ્રેમપૂર્વક, આનંદથી તમારી અંગત વ્યક્તિઓ, પાડોશીઓ કે સગાં-વહાલાં આ માનસિક કચરાને તમારી અંદર નાખી રહ્યા છે ! આપણે બધા જ જાણે ચાલતા-ફરતા ડસ્ટબીન હોઈએ તેમ એકબીજાના મનનો કચરો જ્યાં ફાવે ત્યાં, જેના મગજમાં નાખી શકાય તેના મગજમાં સફળતાની નાખી દઈએ છીએ ! 'ઑશો' લખે છે કે, 'બુરાઈ કે દુર્ગુણનો લોકો સહજ સ્વીકાર કરી લે છે.' તમે જો કોઈની ભાવના કે સારી બાબત દર્શાવો તો તેમાં લોકોને ખાસ કોઈ ઉત્સુકતા જણાતી નથી. ભલાઈની કે સારપની વાત કરવાથી ભીડ જાણે આપોઆપ વિખેરાઈ જાય છે.

આજે આપણે શું કરી રહ્યા છીએ, કેવું વર્તી રહ્યા છીએ એની આપણને પોતાને પણ જાણ નથી. અને તેનું કારણ એ છે કે દરરોજ સવારે રાબેતા મુજબ જાગી જનારા આપણે અંદરથી હજી સુષુપ્ત અવસ્થામાં જ છીએ. એક ધીમી ધીમી ઊંઘ, એક ગહન આળસ આપણી અંદર એવી ઘર કરીને બેસી ગઈ છે કે આપણે માત્ર ઉપરછલ્લુ જ જીવી રહ્યા છીએ. કયારેક ભૂતકાળની ક્ષણોમાં તો કયારેક ભવિષ્યના સોનેરી શમણામાં રાચનારા આપણે વર્તમાનની ક્ષણમાં સમજપૂર્વક જીવવાનું ભૂલી જ ગયા હોઈએ તેવું લાગે છે. સવારે ઉઠીએ ત્યારથી માંડીને રાત્રે સૂઈ જઈએ ત્યાં સુધી કરવામાં આવતા દિવસભરના તમામ કામ જો આપણે સભાનપણે કરીએ તો કોઈ ધ્યાન કે સાધનાની જરૂર આપણને ન પડે કારણ કે આપણું કામ એ જ આપણી સાધના બની જાય. પણ આપણું ધ્યાન, આપણી ચેતના, આપણું Concentration અત્યારે એક સાથે અનેક બાબતોમાં વહેંચાયેલું છે અને પરિણામરૂપે આપણે જાગતા હોવા છતાં તંદ્રાપૂર્ણ, અભાન અવસ્થામાં જીવી રહ્યા છીએ. તો આવો, જીવનના સાચા અર્થને સમજીએ, જાણીએ અને દરેક ક્ષણને સભાનપણે જીવતાં શીખીએ.

Last Seen :
લોકોની ટીકા અને નિંદાથી ક્યારેય ગભરાવું નહીં,
કેમ કે અવાજ હંમેશા દર્શકો કરે છે ખેલાડી નહીં!

nehalgadhavi101@gmail.com

વાત સરદાર પટેલના પેંગડામાં પગ નાખવા ઉત્સુક અમિત શાહની



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

બેઉની તુલના શક્ય જ નથી,પણ સાથે જ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પટ્ટશિષ્ય તરીકે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને ''માય લીડર'' પંડિત જવાહરલાલ નેહરુના અનન્ય સાથી તરીકે રાષ્ટ્રનિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલે જે યોગદાન કર્યુંએવું સંઘ-ભાજપના મજબૂત નેતા લાલકૃષ્ણ આડવાણીના પટ્ટશિષ્ય અને ''ચાણક્યમાંથી ચંદ્રગુપ્ત બનેલા'' નરેન્દ્ર દામોદરદાસ મોદીના અનન્ય સાથી તરીકે અમિત શાહ ના જ કરી શકે એવું નથી. ચક્રવર્તી મોદીના 'હનુમાન'માંથી હવે 'ચાણક્ય' ગણાવા માંડેલા અમિત અનિલભાઈ શાહ માત્ર કહ્યાગરા જ હોત તો સમગ્ર સંઘ પરિવારમાંથી એવા ઘણા મોદીનિષ્ઠો મળી ગયા હોત. આજે મૂળે વડનગરના મોઢ ઘાંચી પરિવારના નરેન્દ્ર મોદી કાશ્મીરી પંડિત પરિવારના બૅરિસ્ટર જવાહરલાલની વડાપ્રધાનની ખુરશી પર અને મૂળે માણસાના પુષ્ટિમાર્ગીય પરિવારના શાહ સરદાર પટેલની દેશના ગૃહમંત્રી તરીકેની ખુરશી પર બિરાજે છે. બૅરિસ્ટર-ત્રિવેણી ગાંધી-નેહરુ-સરદારનો યુગ નોખો હતો, વર્તમાનમાં મોદી-શાહનો યુગ નોખો છે. બંનેની સમસ્યાઓ નોખી હોય અને ઉકેલ લાવવાના ધખારા પણ નોખા હોય એ સ્વાભાવિક છે. પ્રશ્ન કોઈના નાના કે મોટા હોવાનો નથી, નેહરુ અને સરદારની વાતોનો પણ નથી.સમય વર્તમાન પડકારોને પ્રભાવીપણે ઉકેલીને લોકશાહીને મજબૂત કરવા અને પ્રજાને સુખી કરવાનો જ છે. વિરાટ વ્યક્તિત્વોના યુગમાંથી વામણાઓના યુગમાં આવી ગયા એટલે ફુગ્ગામાં હવા ભરીને વિરાટ થવાના એટલે કે માર્કેટિંગ થકી પોતાને સવાયા નેહરુ કે સવાયા સરદાર સાબિત કરે, એનો પણ પ્રશ્ન નથી. બંને નેતાઓની જોડી પોતપોતાનું યોગદાન કરીને આવતી પેઢીઓ એમના વિશે ગર્વ લઈ શકે એવું કંઈક કરી જાય, એમાં જ ગનીમત.

શાહના વ્યક્તિત્વમાં ડોકિયું

ગુજરાતમાં જનસંઘનાં પોસ્ટર ચોંટાડનાર છોકરડામાંથી વિશ્વમાં સૌથી વધુ સભ્ય સંખ્યા ધરાવનાર રાજકીય પક્ષના અધ્યક્ષપદે પહોંચ્યા બાદ કેન્દ્રમાં ગૃહમંત્રી બનનાર સંઘનિષ્ઠ અમિત શાહની સંભવતઃ સર્વપ્રથમ જીવનકથા ''અમિત શાહ ઔર ભાજપા કી યાત્રા'' હમણાં યુનિવર્સિટીના એક અધિપતિએ કશુંક લખાય એ અપેક્ષાએ યાદ કરીને આપી ત્યારે ગમ્યું. અમારા અંગત ગ્રંથાલયમાં ખરીદીને વસાવેલી નરેન્દ્રભાઈની વીસેક જેટલી જીવનકથાઓ હશે,પણ એમ.વી.કામથલિખિત લગભગ સર્વપ્રથમ જીવનકથાની પ્રસવપીડાની કામથમુખે સાંભળેલી કથા ન્યારી છે. અમિતભાઈની આ જીવનકથા અનિર્બાન ગાંગુલી અને શિવાનંદ દ્વિવેદી જેવા 'અપનેવાલે'' થકી સંભવતઃ શાહ વિશેનાં ''અનુમાનો, અટકળો,

- **કૉંગ્રેસી કે ગાંધીવાદી દાદા, પિતા અને માતાના પરિવારમાં ઉછર્યા અને ૧૯૮૦માં સંઘના સ્વયંસેવક બન્યા**
- **નરેન્દ્ર મોદીની ઝોળીમાં ઉત્તર પ્રદેશ લાવી આપનાર ''જીતના મહાનાયક'' શાહમાં ભારે સંગઠનાત્મક કુનેહ**
- **'રામ લહેર' કરતાં 'મોદી લહેર'માં ભાજપને વધુ બેઠકો નેતૃત્વ, સંગઠન અને સંઘ સાથેના સંકલનનું જ ફળ**
- **રાહુલ ગાંધીના નેતૃત્વમાં કૉંગ્રેસ ચૂંટણીને આઉટસોર્સ કરી રહ્યાના ચારેકોરથી આક્રમણની સફળ વ્યૂહરચના**

માન્યતાઓ અને પૂર્વગ્રહો'' દૂર કરવાના પ્રયાસરૂપ લખાયેલી વધુ લાગી. જોકે એમાંથી પસાર થતાં ''રૂથલેસ'' અને ''વિવાદાસ્પદ'' મનાતા અમિતભાઈના પરિશ્રમ અને સફળતાની વાસ્તવવાદી ભૂમિકાનાં દર્શન થયાનું કબૂલવું પડે. લાભાર્થીઓ થકી ક્યારેક કેટલાક રાજકીય સત્તાધીશોના સૂર્યોદય કે અરુણોદય પછી સૂર્યાસ્તની કલ્પનગાથાઓય લખાતી હોય છે ત્યારે આ બંને લેખકોએ શાહની અંગત જિંદગી અને સાબરમતી જેલમાં વિતાવેલા ત્રણ મહિના અને એ પછી ''ગુજરાત સે નિષ્કાસન કા વક્ત ભી શાહ ને એક મકસદ કો જીતે હુએ બિતાયા''ની વાત ખૂબ ટૂંકમાં કરીને પક્ષની બાંધણી માટેના એમના પરિશ્રમની કહાણી સુપેરે મૂકાઈ છે. કાર્યકર્તાઓ સાથે જ નહીં, પ્રજા સાથે પણ સીધો અનુબંધ બાંધવાની અમિતભાઈની ફાવટ પર આ જીવનકથા કે જીવનની આછેરી ઝલક પ્રકાશ પડે છે.

માતા કુસુમબહેનનો પ્રભાવ

અમિત શાહના બાળપણ અને ઉછેર વિશે તથા પ્રારંભિક ઘડતર સંદર્ભે ''અપનેવાલે'' લેખકદ્વયને કૉંગ્રેસી પરિવાર જેવો શબ્દ ઉપયોગમાં લેવાનું ઝાઝું પસંદ નથી,પણ એના પર્યાય ગાંધીવાદી પરિવારનો વારંવાર ઉપયોગ કરાયો છે. એમને એવું કહેતા ટાંકવામાં આવ્યા છેઃ ''મારા દાદા અને પિતા ગાંધીવાદી છાવણીના હતા.મારાં મા પણ કટ્ટર ગાંધીવાદી હતાં અને મોટાભાગના વરિષ્ઠ નેતાઓ તેમને જાણતા હતા.'' માણસાના નગરશેઠ એવા દાદાના મહર્ષિ અરવિંદ સાથેના અંતરંગ સંબંધોની યાદીરૂપ જતન કરાયેલી ખુરશી અને અરવિંદ-સાવરકર ભણીની આસ્થામાં અમિત શાહના બાળપણથી જોડાણમાં અને ભારતીયતા ભણીના આકર્ષણને પુસ્તકમાં પ્રતિપાદિત કરાયું છે.૨૨ ઓક્ટોબર ૧૯૬૪ના રોજ મુંબઈમાં સમૃદ્ધ ''નાગર'' વૈષ્ણવ પરિવારમાં અનિલચંદ્ર અને કુસુમબહેનના ઘરમાં જન્મેલા અમિતભાઈના ક્રિકેટ અને શતરંજના શોખનો પણ ઉલ્લેખ આવે છે,પરંતુ હજુ અન્ય નેતાઓની જેમ એમના બાળપણના રોચક કે સાહસી કિસ્સાઓનું ઉમેરણ કર્યું નથી. એને બદલે લેખકોએ મણિબહેન વલ્લભભાઈ પટેલના મહેસાણા લોકસભા ચૂંટણી પ્રચારમાં પોસ્ટરો લગાવતા ૧૩ વર્ષના ગાંધીવાદી પરિવારના આ છોકરામાંથી ''શિખર તક યાત્રા''માં કલ્પનો કરતાં સહજ જીવનનો વધુ ઉલ્લેખ કરેલો જોવા મળે છે. ''શાહના જીવન પર માતાનો ખૂબ મોટો પ્રભાવ હતો.ખાદી પહેરવાની પ્રેરણા પણ માતા કનેથી જ મળી હતી.'' ૧૯૮૦માં શાહ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાય છે અને એ જ વર્ષે ભાજપની સ્થાપના થાય છે. એ ઘટનાક્રમમાં જ ૧૬ વર્ષના આ કિશોરનો, વાયા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને ભાજયુમોના માધ્યમથી, રાજકીય પિંડ પણ બંધાય છે. આજે ૫૫ વર્ષના શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જ નહીં, દેશના ગૃહમંત્રી તરીકે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય વરસ લેખાવા માંડ્યા છે. આખા પુસ્તકમાં એમની મુખ્યમંત્રી બનવાની મહેચ્છા અને આનંદીબહેન પટેલ સાથેની ''સ્પર્ધા''નો ઉલ્લેખ જોવા મળતો નથી. મોદી સરકારમાં ગૃહ રાજ્યમંત્રી બન્યા પછી કેટલાક ખટલાઓમાં તેમના ''એન્કાઉન્ટર''ના પ્રતાપે આવી પડેલા માઠા દિવસોમાં પણ એમના ચહેરે વેદના જોવા નહીં મળ્યાનું પણ સવિશેષ નોંધાયું છે. શાહ પરિવારના માણસ (ફેમિલી મેન) છે. ૧૯૮૭માં સોનલબહેન સાથે લગ્ન થયા પછી રાજકીય વ્યસ્તતાઓ વચ્ચે પણ દિવસમાં એકવાર પત્ની સાથે અને પૌત્રી રુદ્રી સાથે ફોન પર વાત કરવાનું એ ચૂકતા નથી. વિદેશ પ્રવાસો બહુજ ઓછા કરે છે. ક.મા.મુનશીને વાંચવાનો શોખ ધરાવે છે.

મોદીભક્તનો રાજકીય પરિશ્રમ

અમિત શાહ વિશે હજુ આવતા દિવસોમાં વધુ પુસ્તકો આવશે,પણ ૨૦૧૯ની ચૂંટણીમાં કાર્યકર્તાઓ માટે રાષ્ટ્રીય અધ્યક્ષના રાજકીય અને વ્યક્તિગત જીવન વિશેના આ દસ્તાવેજના માધ્યમથી જનસમુદાયને પરિચય કરાવવા ઉપરાંત અન્યોને પણ પ્રેરણા બક્ષવાનો હેતુ હોય એવું અવશ્ય લાગે છે. સામે પૂર તરીને પણ મિશન પૂરું કરવામાં અમિતભાઈનો જોટો જડવો મુશ્કેલ છે. સત